પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૯૫ | ૬ જાન્યુઆરી, ૨૦૨૦, સોમવાર; પોષ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

અમેરિકા-ઈરાન વચ્ચે યુદ્ધના ભણકારા

ઇરાનના કોમ શહેરની મસ્જિદ-એ-જમકરાનની ઉપર લાલ ઝંડો ફરકાવાયો જે યુદ્ધનું પ્રતિક ગણવામાં આવે છે : અમેરિકાના આ કૃત્યનો જવાબ આપવા માટે શાંતિથી અમારો પ્લાન બનાવીશું અને જોરદાર ફટકો મારીશું : ઈરાની લશ્કરના બ્રિગેડિયર જનરલ અબૂલ ફૈઝલ : જો ઇરાને હુમલો કર્યો તો અમે બાવન સ્થળો પર હુમલો કરીશું : ટ્રમ્પની ચેતવણી

વૉશિંગ્ટન,તા.૫

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે ચેતવણી ઉચ્ચારી છે કે જો ઈસ્લામિક રાષ્ટ્ર ઈરાન અમેરિકાના સૈનિકો પર કે સંપત્તિ પર હુમલા કરશે તો અમેરિકા ઈરાનમાં ૫૨ સ્થળોને ટાર્ગેટ બનાવીને એની પર હુમલા કરશે અને ખૂબ જ ઝડપથી અને ખૂબ જ ખતરનાક ફટકો મારશે. યુએસ પ્રમુખ ટ્રમ્પે ઈરાનને ચેતવણી આપી, જો અમારી પર હુમલો કર્યો તો અમે ૫૨ સ્થળો પર હુમલા કરીશું. ટ્રમ્પે એક ટ્વીટમાં લખ્યું કે અમેરિકાએ સૈન્ય સાધનો પર માત્ર બે ટ્રિલિયન ડોલર ખર્ચ કર્યા છે. અમે દુનિયામાં સૌથી મોટા અને ઉત્તમ છીએ. જો ઈરાન કોઈ પણ અમેરિકન બેસ કે પછી અમેરિકન પર હુમલો કરશે તો અમે નવા સુંદર સાધનોનો ઉપયોગ કરીશું કોઈ પણ ખચકાટ વગર!

ગયા શુક્રવારે ઈરાકના પાટનગર બગદાદમાં ઈરાનના ટોચના લશ્કરી અધિકારીનું મોત નિપજાવનાર અમેરિકી દળોના હવાઈ હુમલાનો બચાવ કરતા ટ્રમ્પે ટ્વિટ્સ કર્યા છે અને કહ્યું છે કે ૫૨ આંકડો ઈરાને ઘણા વર્ષો પહેલાં બાનમાં પકડેલા ૫૨ અમેરિકન નાગરિકોના આંકડાને દર્શાવે છે.

ઉલ્લેખનીય છે કે, ઈરાની શાસકોએ ૧૯૭૯ના નવેંબરમાં પાટનગર તેહરાનમાં યુએસ દૂતાવાસ પર કબજો જમાવ્યા બાદ ૫૨ અમેરિકન નાગરિકોને બાનમાં પકડ્યા હતા. એ અમેરિકનોને ઈરાને ૪૪૪ દિવસો સુધી બાનમાં પકડ્યા હતા.

ટ્રમ્પે ટ્વીટમાં કહ્યું છે કે ૫૨માંના અમુક સ્થળો ઈરાનમાં ઘણા જ ઉચ્ચ સ્તરીય અને અને ઈરાની સંસ્કૃતિ માટે મહત્ત્વના છે. અમેરિકા એ લક્ષ્યાંકો પર ખૂબ જ ઝડપથી ત્રાટકશે અને એ ફટકો

● અનુસંધાન પાન-૭ પર

યુપીમાં આઈએસના બે આતંકી ઘૂસ્યા હોવાની આશંકા

નેપાળ બોર્ડરે હાઈ-એલર્ટ : ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો

લખનૌ,તા.૫

ઉત્તર પ્રદેશમાં બે ઈસ્લામિક સ્ટેટના આતંકવાદી ઘૂસ્યા હોવાના ગુપ્તચર તંત્રના સંદેશને પગલે ભારત-નેપાળ બોર્ડર પર હાઈ એલર્ટ જાહેર કરી દેવાયું છે. યુપીના ટોચના પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ મહારજગંજ, કુશિનગર અને સિદ્ધાર્થ નગર જિલ્લામાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.'અમારા ધ્યાન પર આવ્યું છે કે બે વોન્ટેડ આતંકવાદી અબ્દુલ સામદ અને ઈલિયાસ ઉત્તર પ્રદેશમાંથી નેપાળ ભાગી જવાની પેરવીમાં છે, જેને પગલે અમે સતર્ક રહી ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો છે,' તેમ બસ્તીના આઈજી આશુતોષ કુમારે જણાવ્યું હતું. કુમારના મતે ગુપ્તચર તંત્રની બાતમી બાદ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. બન્ને સંદિગ્ધ આઈએસના આતંકવાદીઓની તસવીરો જાહેર કરવામાં આવી છે અને જાહેર સ્થળો પર પણ લગાડવામાં આવી છે. પોલીસ અધિકારીના મતે આ બન્ને આતંકવાદી ક્યા સંગઠન સાથે સંકળાયેલા છે તેનો તેમને ખ્યાલ નથી.

મહારાષ્ટ્ર મંત્રીમંડળમાં વિભાગોની ફાળવણી

આદિત્ય ઠાકરેને પર્યાવરણ વિભાગ : અજીત પવારને નાણા, અનિલ દેશમુખ ગૃહમંત્રી : એકનાથ શિંદેને નગરવિકાસ અને સાર્વજનિક બાંધકામ

મુંબઈ,તા.૫

મહારાષ્ટ્રમાં શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની ૩-પક્ષોના સંગઠન 'મહાવિકાસ આઘાડી'ની બનાવાયેલી સરકારમાં પ્રધાનોને ખાતાની ફાળવણી કરવા વિશેની યાદીને રાજ્યપાલ ભગતસિંગ કોશિયારીએ મંજૂરી આપી દીધી છે. ઘણા દિવસોના વિલંબ બાદ પ્રધાનોને ખાતાની ફાળવણીનો મામલો હવે સમાપ્ત થયો છે.

કયા પ્રધાનને કયું ખાતું આપવામાં આવ્યું છે એની ઔપચારિક જાહેરાત હજી કરવામાં આવી નથી, પરંતુ યાદી મિડિયા પાસે પહોંચી ગઈ છે. ઉદ્ધવ ઠાકરેએ પ્રધાનોને ખાતાની ફાળવણી કરવા વિશેની યાદી ગઈ કાલે રાતે ગવર્નર કોશિયારીને મોકલી હતી. રાજ્યપાલે એની પર પોતાના હસ્તાક્ષર કરી દેતાં એ મંજૂર થઈ ગઈ છે.

મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ સામાન્ય પ્રશાસન, ભંડોળ, ન્યાયતંત્ર પોતાની પાસે રાખ્યા છે. એમણે પોતાના પુત્ર આદિત્ય ઠાકરેને પર્યાવરણ અને પર્યટન ખાતું સોંપ્યું છે તથા પોતાના જ પક્ષના એકનાથ શિંદેને નગરવિકાસ અને સાર્વજનિક બાંધકામ ખાતાઓની જવાબદારી આપી છે.

સરકારમાં ભાગીદાર રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીને મહત્ત્વના પદ આપવામાં આવ્યા છે. અજીત પવારને નાયબ મુખ્ય પ્રધાન બનાવવામાં આવ્યા છે અને એમને બે મહત્ત્વના ખાતા આપવામાં આવ્યા છે – નાણાં અને આયોજન.

અગાઉ એવા અહેવાલ હતા કે એનસીપીના મહારાષ્ટ્ર એકમના પ્રમુખ જયંત પાટીલને નાણાં ખાતું સોંપવામાં આવશે, પરંતુ એમને તે આપવામાં આવ્યું નથી અને અજીત પવાર બન્યા છે નાણાં પ્રધાન. જયંત પાટીલને જળસંસાધન પ્રધાન બનાવવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

એનપીઆરનું કામ ૧ એપ્રીલથી ૩૦ સપ્ટેમ્બર સુધી ચાલશે

પટના,તા.૫

સુશીલ મોદીએ કહ્યું કે મનમોહન સિંહના નેતૃત્વમાં યૂપીએ સરકારના સમયે ૧ એપ્રિલ ૨૦૨૦થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૦ સુધી એનપીઆર બનાવવાનો નિર્ણય લેવાયો હતો. તેઓએ પ્રશ્નાર્થ રૂપે કહ્યું કે જો કેટલાક પ્રશ્નો જોડવામાં આવે તો શું ખોટું છે, તેમાં તો ભૂલોને દૂર કરી શકાય છે.

નારાજ કોંગ્રેસના ધારાસભ્યની રાજીનામું આપવાની ધમકી

મુંબઈ,તા.૫

મહારાષ્ટ્રમાં મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરે સરકારના મંત્રીમંડળના વિસ્તરણ બાદ મંત્રી પદ લઈને ધારાસભ્યોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. કોંગ્રેસના ધારાસભ્ય કૈલાશ ગોરંટ્યાલે રાજીનામું આપવાની ધમકી આપી છે. જાલના બેઠક પરથી ધારાસભ્ય કૈલાશે કહ્યું તેઓ પાર્ટીના અનેક કાર્યકર્તાઓ સાથે પાર્ટીના સભ્યપદ પરથી રાજીનામું આપીશું.

બીએસએનએલ ૧૪ પ્રોપર્ટી વેચી ૨૦૦૦૦ કરોડ ઉભા કરશે

ન્યુ દિલ્હી,તા.૫

જંગી ખોટ કરી રહેલી ભારત સરકારની ટેલિકોમ કંપની ભારત સંચાર નિગમ લિમિટેડ પોતાની સંપત્તિઓ વેચીને ૨૦૦૦૦ કરોડ રુપિયા ઉભા કરશે.

હાલમાં જ બીએસએનએલ દ્વારા ખોટ ઓછી કરવા માટે ૫૦ વર્ષથી વધુ વયના કર્મચારીઓ માટે વીઆરએસ સ્કીમ લોન્ચ કરવમાં આવી હતી. હવે કંપનીએ પોતાની પ્રોપર્ટી વેચવાનુ નક્કી કર્યુ છે.આ માટે કુલ ૧૪ પ્રોપર્ટી નક્કી કરવામાં આવી છે. જે મુંબઈ, તિરુવનંતપુરમ, ચેન્નાઈ અને ગાઝીયાબાદ સ્થિત છે.

અમિત શાહે દિલ્હીના વિકાસ માટે કોઈ પણ વાતો કરી નથી

ગૃહમંત્રીએ ભાષણમાં તેમને ગાળો આપવા સિવાય અન્ય કોઇ કામની વાત કરી નથી : કેજરીવાલ

નવીદિલ્હી, તા. ૫

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઈન્દિરા ગાંધી સ્ટેડિયમમાં ભાજપ કાર્યકરોના સંમેલનને સંબોધન કરીને દિલ્હી સરકાર ઉપર પ્રહાર કર્યા બાદ મુખ્યમંત્રી કેજરીવાલે તેમની પ્રતિક્રિયા આપી હતી. કેજરીવાલે ટ્વિટર મારફતે અમિત શાહ ઉપર પ્રહાર કર્યા હતા. કેજરીવાલે કહ્યું હતું કે, ગૃહમંત્રીએ પોતાના સમગ્ર ભાષણમાં તેમને ગાળો આપવા સિવાય અન્ય કોઈ કામની વાત કરી ન હતી. કેજરીવાલે કહ્યું હતું કે, તેઓએ અમિત શાહના ભાષણને ગંભીરતાપૂર્વક સાંભળ્યું હતું. તેમને લાગ્યું કે, અમિત શાહ તેમના કામોની ખામીઓનો ઉલ્લેખ કરશે અને દિલ્હીના વિકાસની વાત

● અનુસંધાન પાન-૭ પર

નાગરિક કાનૂનના મામલે રાહુલ, પ્રિયંકાએ જોરદાર તોફાનો કરાવ્યા : અમિત શાહ

દિલ્હીમાં ચૂંટણી પહેલા અમિત શાહે કાર્યકરોમાં જુસ્સો ભર્યો : કોંગ્રેસ, કેજરીવાલ ઉપર આકરા પ્રહારો કર્યા : નનકાના સાહેબ હુમલા અને મંદિરના મુદ્દા ઉપર વિરોધ પક્ષો પર પ્રહાર

નવીદિલ્હી, તા. ૫

ઝારખંડની સત્તા જતી રહ્યા બાદ ભારતીય જનતા પાર્ટીએ ડેમેજ કંન્ટ્રોલની નીતિ હાથ ધરી છે જેના ભાગરુપે દિલ્હીમાં સત્તા હાંસલ કરવા તમામ તાકાત લગાવી દીધી છે. આના ભાગરુપે પાર્ટી અધ્યક્ષ અમિત શાહે કાર્યકરોમાં જુસ્સો ભરવા માટે આજે ઈન્દિરા ગાંધી સ્ટેડિયમમાં કાર્યકરોને સંબોધન કરીને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, કોંગ્રેસના રાહુલ ગાંધી અને પ્રિયંકા વાઢેરા ઉપર આકરા પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે, નાગરિક સુધારા કાનૂનના વિરોધમાં દિલ્હીમાં પ્રદર્શન દરમિયાન ફેલાયેલી હિંસા માટે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના લોકો જવાબદાર હતા. તેમણે કહ્યું હતું કે, સીએએને લઈને લોકોને ગેરમાર્ગે દોરવાના કામ કોંગ્રેસ અને અન્ય પક્ષો દ્વારા કરવામાં આવ્યા હતા. કોંગ્રેસ પાર્ટીના રાહુલ ગાંધી અને પ્રિયંકા વાઢેરાએ પ્રજાને ગેરમાર્ગે દોરીને હિંસા ફેલાવવાના કામ કર્યા હતા. ૧૯૮૪માં શીખ નરસંહારની ઘટના બની હતી. અનેક શીખ ભાઈ બહેનોને જાહેરમાં મોતને ઘાટ ઉતારી દેવાયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં પુનઃ માવઠાની શકયતા

માવઠાની આગાહીને લઇ ખેડૂતો ચિંતાતુર : રાજયના મોટાભાગના વિસ્તારમાં કાતિલ ઠંડીનો ચમકારો : માવઠા માટે કરાયેલ આગાહી

ગાંધીનગર, તા.૫

ગુજરાતભરમાં કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. બીજી બાજુ પહેલાથી જ કમોસમી વરસાદથી ભારે નુકસાનનો સામનો કરી ચુકેલા ખેડૂતો માટે નવી સમસ્યા ઉભી થઇ ગઇ છે. કારણ કે, માવઠા માટેની આગાહી હવામાન વિભાગ તરફથી કરવામાં આવી છે જેથી ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. આજે અમદાવાદમાં પારો ૧૨.૮ રહ્યો હતો જ્યારે નલિયામાં સૌથી વધારે ઠંડીનો ચમકારો રહ્યો હતો. નલિયામાં ૭.૭ ડિગ્રી તાપમાન રહ્યું હતું. બીજી બાજુ ડિસામાં ૧૦.૬ અને કંડલા એરપોર્ટ ખાતે પારો ૯.૮ ડિગ્રી રહ્યો હતો. અમદાવાદમાં ઠંડી વધવાના સંકેત દેખાઈ રહ્યા છે. આવતીકાલે પારો ગગડીને ૧૨ ડિગ્રી થઇ શકે છે. રાજયમાં ઉત્તર-પૂર્વનાં ઠંડા પવનનું જોર વધ્યું છે જેની અસરથી નવા વર્ષથી અમદાવાદ સહિત રાજયનાં મોટાભાગનાં શહેરો કાતિલ ઠંડીની લપેટમાં આવી ગયા છે. અમદાવાદ શહેર સહિત રાજયભરમાં કડકડતી ઠંડીનો ચમકારો યથાવત્ રહ્યો છે. આગામી બે દિવસ સુધી રાજયમાં ઠંડીનું જોર યથાવત રહ્યાં બાદ ઠંડીમાં ઘટાડો થવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે. તો બીજીબાજુ, હવામાન વિભાગ દ્વારા આગામી તા.૭ અને ૮ જાન્યુઆરી દરમ્યાન રાજયના સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક પંથકો અને વિસ્તારોમાં કમોસમી માવઠાની આગાહી કરવામાં આવતાં સ્થાનિક ખેડૂતો ફરી એકવાર ચિંતામાં મૂકાયા છે. ગુજરાતમાં આજે ૮ ડિગ્રી સાથે નલિયા રાજયનું સૌથી ઠંડુ શહેર બન્યું હતું. અમદાવાદ શહેર રાજયના મોટાભાગના વિસ્તારોમાં લોકો કડકડતી કાતિલ ઠંડીમાં ઠુંઠવાયા હતા. ઠંડીના કહેરને લઇ સ્થાનિક જનજીવન પર સામાન્ય અસર વર્તાતી હતી. બીજીબાજુ, રાજયમાં ફરી એકવાર ખેડૂતો માટે માઠા સમાચાર મળી રહ્યા છે. વધુ એક વખત કમોસમી વરસાદની આગાહી કરતા જગતનો તાત ચિંતામાં પેઠો છે.

લઘુમતિ સંસ્થાઓના અધિકાર પર આજે સુપ્રીમ કોર્ટનો ફેંસલો

મદરેસા સહિત અન્ય સંસ્થાઓમાં શિક્ષકોની નિમણૂંકના હકો આંચકી સરકાર પોતાના હાથમાં લઇ શકે છે કે કેમ?

નવીદિલ્હી, તા. ૫

લઘુમતિ સંસ્થાઓના અધિકારોના મુદ્દા ઉપર સુપ્રીમ કોર્ટ આવતીકાલે મહત્વપૂર્ણ ચુકાદો આપનાર છે જેના ઉપર તમામની નજર રહેશે. સરકાર લઘુમતિ સમુદાયની સ્થિતિને સુધારવાના હેતુથી કાનૂન બનાવીને મદરેસા સહિત અન્ય લઘુમતિ સંસ્થાઓમાં શિક્ષકોની નિમણૂંકના અધિકાર આંચકીને પોતાના હાથમાં લઈ શકે છે કે કેમ તેને લઈને સુપ્રીમ કોર્ટ ચુકાદો આપનાર છે. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ અરુણ મિશ્રા અને જસ્ટિસ યુયુ લલિતની બનેલી બેંચે પશ્ચિમ બંગાળ મદરેસા સર્વિસ કમિશન એક્ટ ૨૦૦૮ની બંધારણીય કાયદેસરતાને ધ્યાનમાં લઈને ચુકાદો આપશે. આ કાનૂનમાં કહેવામાં આવ્યું છે કે, મદરેસામાં શિક્ષકોની નિમણૂંકના અધિકાર પંચ પાસે રહેલા છે.

કાનૂન મૂજબ પંચની રચના કરવામાં આવી છે. આમા સેક્શન આઠ કહે છે કે, કોઈપણ બીજા પ્રભાવી કાનૂન, રિવાજ અથવા પરંપરામાં કોઈપણ વસ્તુની હાજરી હોવા છતાં પંચની આ ફરજ રહેશે કે તે શિક્ષકોની નિમણૂંક પર યોગ્ય નિર્ણય કરે. લઘુમતિ સંસ્થાઓના ફંડિંગ કરનાર સરકારને ભરતી માટે દિશા નિર્દેશ નક્કી કરવાના સૂચન આપવાના અધિકાર છે.

જન્મજાત હોઠ અને તાળવાની ખોડખાંપણ

ફ્રી કેમ્પ દર ગુરૂવારે

જાજુ પ્લાસ્ટીક સર્જરી સેન્ટર

હિન્દુ કોલોની પાછળ, સ્ટેડીયમ, નવરંગપુરા, અમદાવાદ. ટે: ૨૬૪૦ ૪૯૯૦ - ૨૬૪૦ ૪૯૯૧

સૌજન્ય : SMILE TRAIN (USA) & Jaju Plastic Surgery Foundation

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225